



# નૂતન વર્ષ મંગલ મિલન ઉમંગ



વિક્રમ સંવત ૨૦૭૫નું નવું વર્ષ એક અનુપમ આનંદ અને ઉમંગ સાથે આરંભાયું, કારણ કે પ્રભુના પરમ તત્ત્વને ધારક સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં સૌનાં જીવન સામૂહિક આધ્યાત્મિક ઉત્થાનનો અનુભવ કરી રહ્યાં હતાં. નૂતન વર્ષે શ્રી ઠાકોરજીને સંતભગવંત સાહેબજીએ આરતી અર્પણ કરી અને સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ ધરી. નૂતન વર્ષ નિમિત્તે યોજિત મંગલ મિલનસભામાં સંતભગવંત સાહેબજીનાં રૂડા દર્શન પામી સૌ કોઈ આનંદિત થઈ રહ્યાં. સભા પ્રારંભે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાએ આશીર્વાદ અર્પ્યા અને પ્રગટ ગુરુરૂપ હરિમાં પ્રીતિ દૃઢ થાય, હૃદય અને મન વચ્ચે એકતાર સધાય, પ્રભુ અને ગુરુ જીવનનું કેન્દ્ર બની જાય, સંપ સુહૃદભાવ અને એકતા સર્વત્ર વ્યાપી જાય તે પ્રાર્થનાઓ કરી. આ પ્રસંગે ડૉ. મનોજભાઈ સોની દ્વારા નૂતન મંદિર નિર્માણ નિમિત્તે રચિત સુંદર ભજનનું ગાન અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનોએ કરી સૌ વતીની પ્રાર્થના શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે ધરી.

ઈંગ્લૅન્ડથી સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે દિવાળી ઉત્સવ નિમિત્તે પધારેલ મિ. વર્તનને સાહેબજીની દિવ્યતાના આધ્યાત્મિક અનુભવ થયા તે તેઓએ હૃદયસ્પર્શી શૈલીમાં વર્ણવ્યા, જેના ગુજરાતી ભાવાનુવાદ ભાવિશાબહેને કર્યા. મિ. વર્તન યુનાઈટેડ નૅશન્સ ઑર્ગેનાઇઝેશન (UNO)ના સભ્ય અને વિશ્વની બાળ વિકાસ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વિદ્વાન સજ્જન છે, જેમને ભારતીય ભાષા કે રીતભાતની જાણ ન હોવા છતાં પણ તેઓ સાહેબજીના આધ્યાત્મિક પ્રેમલ સ્પર્શ અને દિવ્યતાને સહજ અનુભવી રહ્યા.

આ પ્રસંગે અનુપમ મિશન પરિવારની ઊછરતી પેઢીનાં બાળકોમાં સત્સંગ સંસ્કારસિંચન થાય તે હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સર્વે દિવ્ય ગુણાતીત સ્વરૂપોનાં જીવન-માહાત્મ્યની વાર્તાઓ 'અનુપમ બાળવાર્તા'નું મુક્તાર્પણ પૂ. શાંતિદાદાના વરદ્ હસ્તે કરાયું. પૂ. સુનીલભાઈ પંડ્યા અને સંતોએ પ્રતિ દિવસ એક 'અનુપમ બાળવાર્તા' બાળકોને સંભળાવી શકાય તે રીતે સત્સંગી માતા-પિતાને વૉટ્સઍપ દ્વારા મોકલી આપવાનો નૂતનવર્ષથી શુભારંભ કર્યો. આ સભા દરમિયાન પારમિતા મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ અન્નકૂટની ગોઠવણી સંપન્ન થઈ જેની સેવા સંતોનાં માર્ગદર્શને યુવાનો-યુવતીઓ મોડી રાત્રીથી કરતાં હતાં.



નૂતન વર્ષનાં મંગલ પૂજન



આશીર્વાદ : પૂ. શાંતિદાદા



આશીર્વાદ : પૂ. અશ્વિનદાદા



મિ. વર્તન દ્વારા હૃદયસ્પર્શી અનુભવદર્શન





નૂતન વર્ષની મંગલ મિલનસભામાં સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપ્યા, “શ્રી ઠાકોરજી અને સંતોના સાંનિધ્યે આપણને નૂતન વર્ષની ઉજવણી પ્રાપ્ત થઈ તે આપણાં મહા સદ્‌ભાગ્ય ! નવા વર્ષે પ્રાર્થના કે, પ્રભુ સર્વને સર્વ વાતે સુખિયા કરે. એટલા માટે જ તો પ્રભુ માનવદેહે પ્રગટ થયા અને સંત દ્વારે સદાય પ્રગટ રહ્યા. પરંતુ, અહંતા, મમતા, દેહના ભાવો માનવને સુખી થવા નથી દેતા. જે ભક્ત પ્રભુધારક સંતમાં જોડાય, તેમને અનુસરે તેની અહંતા-મમતા ટળે અને ખરા અર્થમાં સુખી થાય. સત્પુરુષ સાથે પ્રીતિથી જોડાઈ, તેમના વચને જે સેવા-ભક્તિ કરે તે સૌ દયા, પ્રેમ, કરુણા, સુહૃદભાવ જેવા ભગવાનના ગુણોને પ્રાપ્ત કરે. સત્પુરુષનાં વચને સેવા કર્યાથી પરસ્પર પ્રીતિ પ્રગટે ને સુખ-શાંતિનો આનંદ અનુભવાય. હળીમળીને સાથે રહેવું, બીજાંનાં સુખે સુખી થવું અને દુઃખમાં મદદરૂપ થવું, માનવદેહ પૂર્ણ રૂપે આનંદરૂપ બનાવવો એ જ સાચો ધર્મ. આપણી માન્યતા અને પૂર્વગ્રહોને સળગાવી નવા વર્ષમાં પ્રવેશ કરીએ. દુઃખી કરાવે તેવી વૃત્તિ, પ્રવૃત્તિ, સમાગમથી દૂર રહીએ. ભગવાનધારક સંતોને રાજી કરીએ. તેમના વચને અહોહોભાવે સેવા કરીએ, અસેવા તો ના જ કરીએ. સૌમાં પ્રભુનાં દર્શન કરીએ. તે ભાવે જ સૌ સાથે વર્તન કરીએ. નિર્દોષભાવ દૃઢ કરીએ. અંદરોઅંદર મહિમા પ્રગટે તેનું સતત જાણપણું રાખીએ. સંતોમાં કદીય મનુષ્યભાવ ન આવે તેની જાગ્રતતા રાખીએ. પ્રભુ કર્તા-હર્તા છે, સર્વમાં વ્યાપી રહ્યા છે તે પ્રભુ મને સાધુસ્વરૂપે પ્રગટ મળ્યા છે તે આપણી ઉપાસના દૃઢ કરીએ ને તે અનુસારે જીવન જીવી ખરા અર્થમાં સુખિયા થઈએ. આવી ઉપાસનાનું મંદિર બ્રહ્મજ્યોતિમાં તૈયાર થઈ રહ્યું છે ત્યારે તેના નિર્માણ સેવાકાર્યમાં સંતોનાં વચને તન મન ધન અને આત્માથી નિર્દોષભાવે યુક્ત સેવા કરીએ. આવા સંતોને રાજી કરી લઈએ. નૂતન વર્ષની આ પ્રાર્થના પ્રભુચરણે ધરીએ. સૌને ખૂબ બળ મળે તેવી ગુરુચરણે, પ્રભુચરણે પ્રાર્થના!”

સંતભગવંત સાહેબજીના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયા. સભા બાદ સૌ પારમિતા મંદિરમાં એકત્ર થયા અને અન્ય સૌ વર્ણીકુંજમાં વિશાળ LED સ્ક્રીન પર દર્શન કરવા બિરાજમાન થયા. શ્રી ઠાકોરજીને અર્પણ કરાયેલ ૧૮૦૦થી વધુ વિવિધ પ્રકારનાં વ્યંજનોની કલાત્મક ગોઠવણી તેમજ તેને તૈયાર કરનાર સૌ ભાવિક માતાઓ-બહેનોની સેવા-ભક્તિનાં દર્શન કરી સૌ મનોમન વંદી રહ્યા.

સંતભગવંત સાહેબજીએ સૌની સેવાને બિરદાવી પ્રસન્નતા વરસાવી. સંતોએ ભાવવાહી થાળનાં ગાન કરી સૌ ભક્તોએ ભાવથી તૈયાર કરેલ પ્રસાદ પ્રભુને ગ્રહણ કરવા પ્રાર્થનાઓ કરી. આ સમયે વાતાવરણની દિવ્યતાનો આનંદ અનુપમ હતો !